This Question Paper consists of **13** questions and **8** printed pages.
આ પ્રશ્નપત્રમાં **13** પ્રશ્નો અને **8** મુદ્રિત પાનાં છે.

**Roll No.**
**અનુક્રમાંક**

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | |

**Code No.** **64/SS/O/G**
કોડ નં.

**SET/સેટ** **A**

# GUJARATI
## ગુજરાતી
## (307)

**Day and Date of Examination :**
**(પરીક્ષાનો દિવસ અને તારીખ)** ____________________

**Signature of Invigilators :**
**(નિરીક્ષકોના હસ્તાક્ષર)** **1.** ____________________

**2.** ____________________

---

સામાન્ય સૂચના :

**1.** વિદ્યાર્થી તેનો રોલ નંબર પ્રશ્નપત્રના પહેલા પાને લખે.

**2.** પહેલાં પ્રશ્નપત્રને ચકાસી લેવું. પ્રશ્નપત્રમાં આપેલા કુલ પાનાં અને પ્રશ્નોની સંખ્યા એટલી જ છે જેટલી પ્રથમ પાના ઉપર છે તે જોઈ લેવું અને પ્રશ્નો ક્રમવાર છે કે નહીં તે ચકાસી લેવું.

**3.** ઉત્તર-પુસ્તિકામાં નિર્દેશ કરેલ સ્થાન સિવાય બીજા કોઈપણ સ્થાને રોલ નંબર તથા અન્ય ચિહ્ન લખવાથી પરીક્ષાર્થીને અયોગ્ય ઠરાવવામાં આવશે.

**4.** બહુવિકલ્પીય પ્રશ્નોના વિકલ્પો દા.ત. (A), (B), (C) અથવા (D) માંથી જે ઉત્તર લખવો હોય તેને આપેલી ઉત્તર-પુસ્તિકામાં લખવો.

**5.** પોતાની ઉત્તર-પુસ્તિકા પર પ્રશ્નપત્રની કોડ સંખ્યા **64/SS/O/G-A** લખવી.

# GUJARATI

# ગુજરાતી

# (307)

**Time : 3 Hours ]** **[ Maximum Marks : 100**

**સમય : 3 કલાક ]** **[ અધિકતમ ગુણ : 100**

**નોંધ :** (i) આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગ છે.

(ii) ચારેય વિભાગમાંથી સૂચના પ્રમાણે ઉત્તર આપો.

(iii) પ્રશ્નની સામે દર્શાવેલ અંક ગુણભાર સૂચવે છે.

વિભાગ-1

**1.** નીચેના કાવ્યનું રસાસ્વાદન કરાવો : **4**

અદના તે આદમી છઇએ
હો ભાઈ, અમે અદના તે આદમી છઇએ.
ઝાઝું તો મૂંગા રહીએ, હો ભાઈ.
વસ્તરના વણનારા, ખેતરના ખેડનારા,
ખાણના ખોદનારા છઇએ;
હોડીના હાંકનારા, મારગના બાંધનારા,
ગીતોના ગાનારા થઇએ,
હે જી અમે રંગોની રચના ય કરીએ! હો ભાઈ.
જોઈએ ના તાજ અમને, જોઈએ ના રાજ અમને
જીવીએ ને જીવવા દઇએ;
જીવતરનો સાથી છે, હરિવર અમારો :
નહીં મોતના હાથા થઇએ,
હે જી એવી વાતોને કાન નહીં દઇએ! હો ભાઈ.

**અથવા**

જગતનાં સર્વ સુખોથી ભલે જીવન સભર લાગે
ખજાનો સાવ ખાલી મા, મને તારા વગર લાગે.
નથી એ હાથ હૂંફાળો નથી એ મેશનું ટીલું
મને એથી જ હર ડગલે હવે દુનિયાનો ડર લાગે.
જીવનના સર્વ સંઘર્ષોમાં સાંગોપાંગ નીકળતો
મને તારી દુવાઓની જ એ નક્કી અસર લાગે.
હજી મારી પીડા સાથે નિભાવ્યો તેં અજબ નાતો
હજી બોલી ઊઠું છું 'ઓપ...માં' ઠોકર અગર લાગે.
સદા અણનમ રહેલું આ ઝૂકે છે તારાં ચરણોમાં
મને ત્યારે હિમાલયથી ય ઉન્નત મારું સર લાગે.

**2.** નીચે આપેલા પ્રશ્નોમાંથી **કોઈપણ બેના** જવાબ લખો : **4**

(i) મીરાંબાઈની સૌથી મોટી મિરાત કઈ છે?

(ii) વસ્ત્રગાંઠડીઓ કોણે ઊંચકી છે?

(iii) શામળશા શેઠને કવિ **'મોટા પારેખ શ્રી પરમેશ્વર રે'** શા માટે કહે છે?

(iv) આયુષ્યની અવધે જનમ-સ્થલની ઝાંખી શા કારણે થાય છે?

**3.** નીચેનામાંથી **કોઈપણ બે** પ્રશ્નોના ઉત્તર **એક-બે** વાક્યમાં આપો. **2**

(i) મીરાંબાઈ નાકમાં શું પહેરે છે?

(ii) 'હસતાં ખંજન પડે છે ગાલે રે' તે શામળશા શેઠ ને કે દામોદર દોશીને?

(iii) હરિ મંડપમાં હળવે હળવે કેમ પધારે છે?

(iv) દામોદર દોશીએ આંગળીઓમાં શું પહેર્યું છે?

**4.** નીચેનામાંથી ગમે તે **બે** પ્રશ્નોના ઉત્તર લખો : **8**

(i) ગિલાના કુટુંબના સંધા તાગડધિન્ના છકડા માથે કઈ રીતે છે?

(ii) ગિલો રાતે નવના સમાચારમાં ટીવી પર દેખાવાનો હતો તે વિશે તેના ડોસાની ઉત્સુકતા અને ઉત્સાહ કેવાં હતાં?

(iii) મોટો દીકરો રાજીમાને મળવા ગામ ન જવા માટે ક્યાં બે કારણ આપે છે?

(iv) ખારવા-માછીમારને વ્હેલ-શાર્કને ન પકડવા માટે સંમત કરવાનું સરપંચ રાણી માટે શા માટે મુશ્કેલ છે?

**5.** નીચેનામાંથી ગમે તે **ત્રણ** પ્રશ્નોના ઉત્તર **એક-બે** વાક્યમાં લખો : **6**

(i) ગિલાનું છકડા સાથેનું જોડાણ કેવું ગણાય?

(ii) નવ ઢોરાંના લાલન-પાલનમાં રાજીમાને અંદાજે કેટલો સમય આપવો પડતો હશે?

(iii) ચિત્રકારના પાત્રના મુખ્ય ત્રણ ગુણો ક્યા છે?

(iv) સુલતાન સ્વભાવે કેવો છે?

(v) શાર્ક-વ્હેલની જાળવણી માટે સરકારની મદદ લેવાનું ચિત્રકાર, રાણી વગેરેને શા કારણે બહુ યોગ્ય લાગતું નથી?

**6.** નીચેના પ્રશ્નોના ઉત્તર માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો. **10**

(1) મીરાંબાઈ કોના નામનો હાર પહેરે છે?

(A) કૃષ્ણના (B) વિઠ્ઠલના

(C) શામળાના (D) હરિના

(2) ત્રિકમજી ઉતાવળું અને તોવડું કેમ બોલે છે?

(A) સાંભળનારને ખાતરી થાય કે તે ખરેખર વાણિયા ના ણાવટી છે.

(B) જન્મથી એવી ખોડ છે.

(C) એવી ફેશન હતી.

(D) 'હુંડી' લખનારાઓને જોઈને ગભરાઈ જવાથી.

(3) દામોદર દોશીએ 'એક લેખણ કાને ખોસી રે'-શા માટે?

(A) પોતે ભણેલા છે તેવું દર્શાવવા માટે

(B) પોતે વાણિયા-છે તેવું દર્શાવવા માટે

(C) પોતે બજાજ છે તેવું દર્શાવવા માટે

(D) કદાચ કુંવરબાઈનાં સાસુ-વડસાસુ બીજાં વસ્ત્રાલંકારોની યાદી લખાવે તો લખવા કામ લાગે તે માટે.

(4) કવિનું ઘર 'ભર્યું' હતું ને શા માટે યાદ આવે છે?

(A) સૂના ઘરમાં પ્રવેશનાં સહજ રીતે ભૂતકાળનું ભર્યું ઘર યાદ આવે.

(B) કવિની સ્મૃતિ ઘણી સતેજ છે.

(C) કવિને એ બરાબર માણ્યું નહીં તેનો વસવસો થાય છે.

(D) ઘરમાં ભરેલો સરસામાન યાદ આવે છે.

(5) 'છેકડો' વાર્તામાં છકડો શેનું પ્રતીક છે?

(A) યંત્ર સંસ્કૃતિનું (B) અવાજનું

(C) પ્રદૂષણનું (D) વાહનોનું

(6) ગિલો પોતાના મૃત્યુ પહેલાં છકડામાં બેસાડીને છેલ્લે કોને ભાવનગર લઈ ગયો હતો?

(A) ખોડુભાને (B) પોતાના ડોહાને

(C) ગામના મુખીને (D) ભેંશને

(7) ભાવનગરની સૌથી નજીકનું ગામ ક્યું છે?

(A) જાંબાળા (B) ખોપાળા

(C) તગડી (D) ભડી

(8) રાજીઆ ક્યા પ્રદેશનાં રહેવાસી છે?

(A) કચ્છનાં (B) સૌરાષ્ટ્રનાં

(C) ચરોતરનાં (D) દક્ષિણ ગુજરાતનાં

(9) સુલતાન શેનો વ્યવસાય કરે છે?

(A) શિક્ષકનો (B) ચિત્રકારનો

(C) ખેતીનો (D) માછીમારીનો

(10) 'દરિયે જોરૂકો વાવડો નીકરો સ' એ વાક્ય માન્ય ગુજરાતી ભાષામાં નીચેનામાંથી કઈ રીતે લખાય?

(A) દરિયે પતિનો વાવડો નીકળ્યો છે (B) દરિયે પત્નીનો પવન નીકળ્યો છે

(C) દરિયે જારેદાર વાવટો નીકળ્યો છે (D) દરિયે જારેદાર પવન નીકળ્યો છે

## વિભાગ-2

**7.** નીચે આપેલા પરિચ્છેદનું એક તૃતીયાંશ શબ્દોમાં સંક્ષેપીકરણ કરો. **10**

કેટલાક ભાણસો આ જગતમાં ઇશ્વર છે જ નહીં એમ માનીને પોતાને જાણે કે વૃદ્ધાવસ્થા અને મૃત્યુ આપવાનાં જ નથી એમ માનીને જીવે છે. ભવિષ્યની ચિંતા અથવા વિચાર કરી શકનારી બુધ્ધિનો એમનામાં અભાવ નથી હોતો પણ પોતાની જાતને તેઓ જરૂર કરતાં વધારે કાહી માનતા હોય છે. જીવનમાં સફળ થવાનું કામ તેમને મન સાવ સહેલું ગણાતું હોય છે. બધાં દરદો ઉપર જાદુઈ ઈલાજ હોય તેવી સચોટ અસર કરનારી દવા તેમની પાસે છે તેમ તેઓ માને છે. જીવનમાં બધાં શારીરિક દુઃખો, માનસિક ચિંતાઓ અને સામાજિક વિડંબણાઓ માટે જાણે સિધ્ધ થઈ ચૂકેલા રહસ્યપૂર્ણ દૈવીશક્તિથી ભરેલા શબ્દનો જાદુ તેમના હાથમાં સહજ રીતે હોય તેમ તેખો લોકોને સમજાવતાં બોધવચનો કહે છે.

**અથવા**

આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ભણાવવાની, કામ લેવાની અને શિક્ષા કરવાની વગેરે રીત બીજા સામાન્ય શિક્ષકો કરતાં તદ્દન જુદી જ હતી. એક દિવસ બાપુને ખબર પડી કે આશ્રમનો એક વિદ્યાર્થી જૂઠું બોલ્યો છે. સત્યના પૂજારી ગાંધીજી આવું સહન કેવી રીતે કરી શકે? જો અહિંસાના પૂજારી ગાંધીજી એને સજા પણ કઈ રીતે કરી શકે? બાળકને સેજા રૂપે માર મારી શકાય, માર ન મરાય તો અન્ય શારીરિક શિક્ષા કે માનસિક શિક્ષા કરી શકાય. પણ કોઈ પણ પ્રકારની શિક્ષા હિંસા જ ગણાય. વળી આપી શિક્ષા કરવાથી કોઈ ખાતરી મળવાની ન હતી કે એ બાળક ભવિષ્યમાં ફરીથી જુઠું નહીં બોલે. આ કારણે ગાંધીજીએ બાળકોમાં બરાબર દાખલો બેસાડવા આશ્રમનાં બધાં બાળકોને એકઠાં કર્યાં અને કહ્યું, ‘‘વહાલાં બાળકો! તમારામાંથી કોઈ એક છોકરો જૂઠું બોલ્યો છે તેનું મને અત્યંત દુઃખ થયું છે. તે જૂઠું બોલ્યો છે તેમાં હું મારો દોષ જોઉં છું અને તેની શિક્ષા તરીકે હું આજે એક દિવસનો ઉપવાસ કરીશ.’’ પોતાની ભૂલ બદલ સૌના વહાલા બાપુને ઉપવાસ કરવો પડે એ ક્યા બાળકને ગમે? પછીથી આશ્રમમાં કોઈ બાળકો જૂઠનો આશ્રય લીધો હોય તેવું સાંભળવામાં આવ્યું નથી.

## વિભાગ-3

**8.** નીચેના પ્રશ્નોમાંથી ગમે તે **ચાર** પ્રશ્નોના ઉત્તર લખો. **16**

(1) ડૉક્ટર દાદાજીને શ્રી અરવિંદ આશ્રમમાં ગયા વિના સાક્ષાત્કાર થઈ શક્યો હો ત એમ લેખક શા માટે માને છે?

(2) પ્રમાદેબાના સાંનિધ્યમાં લેખકને કેવો અનુભવ થતો?

(3) ‘દીવો ના બૂઝે’ ના લેખકના માયસોરવાળા મિત્રની ટીવી નહીં વસાવવા પાછળ કઈ વિચારસરણી હતી?

(4) પ્રમોદબા છોકરીઓની કેમ વણી વિશે શો વિચાર ધરાવતાં હતાં?

(5) પ્રમોદબાએ પાછલી ઉંમરમાં નવાં નવાં કામ શા માટે શોધી કાઢ્યાં?

(6) બાપુજી કરતાં આ માટે લેખકને વધુ આદર હોવાનાં કારણે આપો.

**9.** નીચે આપેલા પ્રશ્નોમાંથી **ગમે તે ત્રણ** પ્રશ્નોના ઉત્તર **એક-બે** વાક્યમાં આપો. **6**

(1) વ્યક્તિ ધારે તો પ્રયત્નપૂર્વક પોતાનો સ્વભાવ બદલી શકે એવું 'દીવો ના બૂઝે' ના કોઈ એક પાત્રને આધારે તમે કહી શકશો? શા માટે?

(2) પ્રમોદવાએ મિસમજૂર સાથે પરણાવાનું શા માટે સ્વીકારી લીધું?

(3) જીવનનો આનંદ અને સંવાદિતાનો ધીમો છતાં તાલબદ્ધ લય કેવી વ્યક્તિ માણી શકે?

(4) બહારનું ન ખાવું એ કરકસરનો ભાગ ગણાય કે સ્વાસ્થ્ય અંગેની જાગૃતી?

(5) પ્રમોદબા પોતાના પિયરના ગામમાં એક નાનું તો નાનું મકાન શા કારણે ખરીદવા માંગતાં હતાં?

**10.** નીચેના પ્રશ્નોના ઉત્તર માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો. **10**

(1) આપણા સમાજમાં બહેનો કે દીકરીઓને જો કંઈ રકમ કે ચીજવસ્તુ અપાય છે તેમાં ઉમળડાને સ્થાને શું વધુ જોવા મળે છે?

(A) ફરજપૂરી કર્યાનો ભાવ (B) દયા-દાનનો ભાવ

(C) પુણ્ય કમાવાનો ભાવ (D) આ બધા જ ભાવ

(2) બાને નાનપણમાં ગાંધીજીને હાથે ક્યું બહુમાન મળયું હતું?

(A) સુવર્ણચંદ્રક (B) 'સત્યના પ્રયોગો' પુસ્તક

(C) ઉત્તમ સ્વયંસેવિકા (D) સૂતરની આંટી

(3) વૅકેશનમાં લેખકના મોસાળમાં ત્રણે બેનો અને તેમનાં બાળકોની એટલી સંખ્યા રહેતી કે એક વાર પ્રમોદબાને મોટી મોટી કેટલી વેઢમી (પૂરણપોળી) કરવી પડી હતી?

(A) પચીસ ઉપરાંત (B) પચાસ ઉપરાંત

(C) પંચોતેર ઉપરાંત (D) સો ઉપરાંત

(4) લેખકના મામાએ નાનપણથી બૈભવ સિવાય બીજું કશું શા માટે જોવું ન હતું?

(A) કારણ કે તેમના પિતા રાજા હતા (B) કારણ કે તેમના પિતા વકિલ હતા

(C) કારણ કે તેમના પિતા ડૉક્ટર હતા (D) કારણ કે તેમના પિતા શિક્ષક હતા

(5) લેખક પોતાના મામાના ઘરનું રજવાડી ફર્નિચર ન ખરીદી શક્યા કારણ કે?

(A) બાને તે પસંદ ન હતું (B) મામાને તે પસંદ ન હતું

(C) લેખક પાસે એટલા પૈસા ન હતા (D) બધું ફર્નિચર કામ આપે તેવું ન હતું

(6) સ્ત્રી-પુરુષ સમાનતાની સ્થાપના સમાજમાં કઈ રીતે થઈ શકે?

(A) બધી સ્ત્રીઓ કમાવા માંડેતો | (B) બધાં ભણે તો
(C) કાયદો કરવામાં આવેતો | (D) નાનપણથી એ રીતે ઉછેર કરવામાં આવે તો

(7) 'હૃદયની તાલીમ' કોને કહેવાય?

(A) શારીરિક શ્રમની તાલીમ | (B) લશ્કરની તાલીમ
(C) વિચાર-તર્કની તાલીમ | (D) સૌનો સુખ-દુઃખ સમજવાની તાલીમ

(8) પ્રમોદબા અવસાન પામ્યાં તે સવારે તેમણે શું પીધું હતું?

(A) ચા | (B) કોફી
(C) તુલસીનો ઉકાળો | (D) દૂધ

(9) મહત્ત્વાકાંક્ષી વ્યક્તિને સૌથી વધુ શેની તાલીમની જરૂર ગણાય?

(A) અંગકસરતની | (B) ગણિતની
(C) યોગાની | (D) સખત પરિશ્રમ કરવાની

(10) પ્રમોદબા અવસાન પામ્યાં ત્યારે તેમની આંખો કોની સામે સ્થિર થઈ ગઈ હતી?

(A) પોતાના પુત્રની સામે | (B) પોતાના પૌત્રની સામે
(C) શ્રીનાથજી બાવાની છબી સામે | (D) શ્રી અરવિંદની છબી સામે

## વિભાગ-4

**11.** નીચેનામાંથી ગમે તે એક વિષય ઉપર **ચારસો** શબ્દમાં નિબંધ લખો. **7**

(A) જો હું સૈનિક હોઉં તો | (B) વર્ષાની વહેલી સવારે
(C) નોટબંધીની અસરો | (D) ગામડું બોલે છે

**12.** વિધાનસભાની એક ચર્ચા દરમિયાન તમે ત્યાં પ્રેક્ષકદીર્ઘામાં હાજર હતા - તે વિશેનો અહેવાલ તૈયાર કરો. **7**

**અથવા**

તમારા ગામમાં યોજાયેલા સ્વચ્છતા સપ્તાહનો અહેવાલ લખો.

**13.** સૂચના મુજબ ઉત્તર આપો. **10**

(1) બાને કારણે અમને સાત્ત્વિક સંસ્કારો મળયા. **1**

(વાક્યમાંથી અંગસાધક પ્રત્યય ઓળખાવો)

(2) કાવ્યપંક્તિ, લઘુકથા, સુખદુઃખ. **2**

(કોઈ પણ બે શબ્દના સમાસ ઓળખાવો)

(3) તિલાંજલિ આપવી, ખિલાડી આડી ઉતરવી, સ્વાર્થ આગળ કરવો. **2**

(ગમે તે બે રૂઢિપ્રયોગના અર્થ લખો)

(4) ચમચાને ડાબે હાથે પકડીને જાતે પીરસી લો. **2**

(રેખાંકિત શબ્દની વિભક્તિ કહો અને તે શું સૂચવે છે તે જણાવો)

(5) એને રોજ ઝગડો થતો. **1**

(વાક્યમાં ક્રિયા સૂચવાય છે કે પ્રક્રિયા?)

(6) અમે નાનપણમાં ઘણાં પુસ્તકો વાંચ્યાં હતાં. **1**

(વાક્ય રચનાનો પ્રકાર જણાવો.)

(7) ધીમે ધીમે ચાવીને ખાવું લાભદાયક ગણાય. **1**

(ક્રિયાવિશેષણ ઓળખાવો.)

**- o O o -**